1. કયો ધ્વનિ અર્ધસ્વર છે ?

(A) પ (B) બ

(C) વ (D) મ

2. કયો વર્ણ ઉષ્માક્ષર નથી ?

(A) હ (B) શ

(C) સ (D) ક

3. જ્યારે વાક્યમાં છૂટા પડવાનો ભાવ પ્રગટ કરવો હોય ત્યારે કઈ વિભક્તિ પ્રયોજાય છે ?

(A) અપાદાન (B) સંબંધ

(C) અધિકરણ (D) સંપ્રદાન

4. 'નર્મદાના કિનારે શિવ મંદિર છે.' વાક્યમાં 'કિનારે' શબ્દ કઈ વિભક્તિ સૂચવે છે ?

(A) કર્તા (B) અધિકરણ

(C) કરણ (D) કર્મ

5. કયા શબ્દમાં વિશેષણ બનાવવા ગુજરાતી પર પ્રત્યય વપરાયો છે ?

(A) વૃક્ષ (B) કૃત

(C) શરમાળ (D) વિદુર

6. કયો વ્યંજન તાલવ્ય નથી ?

(A) ત (B) થ

(C) ધ (D) ચ

7. કયો ધ્વનિ થડકારાવાળો છે ?

(A) ળ (B) ન

(C) મ (D) બ

8. નીચેના પૈકી કયો અનુગ નથી ?

(A) એ (B) પાસે

(C) થી (D) માં

9. 'સિદ્ધપુરૂષ' શબ્દ કયો સમાસ છે ?

(A) તત્પુરૂષ (B) મધ્યમપદલોપી

(C) કર્મધારય (D) ઉપપદ

10. 'વિદ્યાર્થી' શબ્દ સંજ્ઞાનો કયો પ્રકાર સૂચવે છે ?

(A) વ્યક્તિવાચક (B) ભાવવાચક

(C) સમૂહવાચક (D) જાતિવાચક

11. કઈ અમૂર્ત સંજ્ઞા છે ?

(A) વિચાર (B) અવાજ

(C) ચળકાટ (D) વાસ

12. કઈ અવિકારી સંજ્ઞા નથી ?

(A) ઘી (B) વાંદરો

(C) જળ (D) દૂધ

13. કયું સંખ્યાવાચક વિશેષણ નથી ?

(A) થોડું (B) આશરે

(C) કડક (D) ચાર

14. કયું વિશેષણ વિકારી છે ?

(A) સફેદ (B) ત્રણ

(C) સુંદર (D) ઊંચું

15. 'ચૂપચાપ' શબ્દ કયા પ્રકારનું વિશેષણ છે ?

(A) રીતિવાચક (B) સમયવાચક

(C) સ્થાનવાચક (D) માત્રાસૂચક

16. અભિગમવાચી ક્રિયાવિશેષણ કયું નથી ?

(A) કદાચ (B) હંમેશાં

(C) ભલે (D) ખરેખર

17. દર્શકવાચક સર્વનામ કયું છે ?

(A) આટલું (B) આવું

(C) પેલું (D) હમણાં

18. 'પિતાજી પોતે અમને મારશે, તેવો ભય મને તો ન જ હતો.' વાક્યમાં કયું સર્વનામ નથી ?

(A) પોતે (B) અમને

(C) મને (D) પિતાજી

19. 'મોહનકાકાથી હવે ચલાય છે.' વાક્ય રચના કયા પ્રકારની છે ?

(A) ભાવે (B) કર્તરિ

(C) કર્મણિ (D) પ્રેરક

20. કઈ પ્રેરક વાક્ય રચના નથી ?

(A) માએ કુસુમાયુધને સુવડાવ્યો. (B) ટ્રાફિકના કારણે અમે મોડાં આવ્યાં.

(C) શિક્ષકે વિદ્યાર્થીઓ પાસે વૃક્ષો વવડાવ્યા. (D) નીલેશભાઈએ અમને બધાંને ખૂબ હસાવ્યાં.

21. 'વૈષ્ણવ જન તો તેને કહીએ...' પદ કોણે રચ્યું છે ?

(A) ગાંધીજી (B) મીરાં

(C) નરસિંહ (D) દયારામ

22. 'ઊર્મિલા' ખંડકાવ્યના રચયિતા કોણ છે ?

(A) ઉમાશંકર જોશી (B) સુંદરમ્

(C) કલાપી (D) બોટાદકર

23. કવિ ઉમાશંકર જોશીને કયા કાવ્યસંગ્રહ માટે જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો ?

(A) નિશીથ (B) વિશ્વશાંતિ

(C) ગંગોત્રી (D) અભિજ્ઞા

24. ગુજરાતી કવિતામાં કડવાબદ્ધ આખ્યાનનો સ્થિર પાયો નાખવાનું કાર્ય કોણે કર્યું છે ?

(A) પ્રેમાનંદ (B) ભાલણ

(C) નાકર (D) વિષ્ણુદાસ

25. 'હતો નરસિંહ, હતાં મીરા, ખરા ઈલ્મી, ખરાં શૂરાં' પંક્તિ કયા કવિએ રચી છે ?

(A) દયારામ
(B) નર્મદ
(C) કલાપી
(D) કાન્ત

26. 'અહિંસાની ખોજ' પુસ્તકમાં કોના જીવનપ્રસંગોનું સંકલન થયેલું છે ?

(A) કિશોરલાલ મશરૂવાલા
(B) સ્વામી આનંદ
(C) કાકાસાહેબ કાલેલકર
(D) વિનોબા ભાવે

27. 'નરસિંહજી રા માહ્યરા' કૃતિના કર્તા કોણ છે ?

(A) મીરાં
(B) નરસિંહ
(C) શામળ
(D) દયારામ

28. 'અંડેરી ગંડેરી ટીપરીટેન' બાળસાહીત્યનું પુસ્તક કોણે રચ્યું છે ?

(A) રમેશ પારેખ
(B) પીરુબહેન પટેલ
(C) ગીજુભાઈ બધેકા
(D) ગુણવંત શાહ

29. "આપણી પ્રત્યેક શાળા 'વસુધા' બને તો ચોક્કસ આપણું દરેક બાળક 'દેવરાજ' બનવા સક્ષમ છે." આ વિધાન કઈ કૃતિના સંદર્ભે કહેવાયું છે ?

(A) મીરાંની રહી મહેક
(B) મને પૂછશો નહી
(C) આંસુભીનો ઉજાસ
(D) આ કાંઠે તરસ

30. કવિ અખાએ કઈ કૃતિ રચી નથી ?

(A) પંચીકરણ
(B) ગુરુશિષ્યસંવાદ
(C) કૈવલ્યગીતા
(D) જ્ઞાનગીતા

31. હરિવલ્લભ ભાયાણીએ પ્રાચીન કથાનકોને આસ્વાદ્ય વાર્તાના રૂપમાં કઈ કૃતિમાં રજૂ કર્યાં છે ?

(A) કમળના તંતુ
(B) પ્રપા
(C) શતદલ
(D) ઉન્મેષ

32. કઈ રચના ઈન્દુલાલ ગાંધીની છે ?

(A) સીમ અને ઘર
(B) ભાણી
(C) પરાજયની જીત
(D) સહી નથી

33. કયા કવિને તેના ગુરુએ 'ઉંબર મૂકી ડુંગરને ન પૂજવા'ની સલાહ આપી હતી ?

(A) દયારામ
(B) વીરસિંહ
(C) પ્રેમાનંદ
(D) શામળ

34. 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ કયા કવિને પ્રાપ્ત થયું છે ?

(A) રાજેન્દ્ર શુક્લ
(B) અમૃત ઘાયલ
(C) બરકત વિરાણી
(D) ઝવેરચંદ મેઘાણી

35. 'અલ્પાત્માનું આત્મપુરાણ' કયા સ્વરૂપની કૃતિ છે ?

(A) હાસ્ય નિબંધ
(B) રેખાચિત્ર
(C) જીવનચરિત્ર
(D) પ્રવાસ નિબંધ

36. દયારામ કયા પ્રકારની પદ કવિતા માટે જાણીતા છે ?

(A) ગરબા
(B) ગરબી
(C) રાસ
(D) રાસડા

37. ક.મા. મુનશીએ કઈ નવલકથા રચી છે ?

(A) સોમતીર્થ
(B) સોમનાથની સાખાતે
(C) જય સોમનાથ
(D) સોમનાથનો જય

38. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' પુસ્તક લેખનની શરૂઆત ગાંધીજીએ કયા સ્થળે કરી હતી ?

(A) સાબરમતી આશ્રમ
(B) બારડોલી આશ્રમ
(C) આગાખાન પેલેસ
(D) યરવડા જેલ

39. 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં...' પંક્તિ કયા કવિની છે ?

(A) ધીરો
(B) ભોજો
(C) પ્રીતમ
(D) નિરાંત

40. કાકાસાહેબ કાલેલકરનો ભારતની નદીઓનું મહિમાગાન કરતો સંગ્રહ કયો છે ?

(A) જીવનનો આનંદ
(B) લોકમાતા
(C) રખડવાનો આનંદ
(D) ઓતરાતી દીવાલો

41. રા.વિ. પાઠકનું કયું ઉપનામ નથી ?

(A) શેષ
(B) સ્વૈરવિહારી
(C) વાસુકિ
(D) દ્વિરેફ

42. 'પ્રાણિયા, ભજી લેને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર...' પંક્તિમાં 'કિરતાર'નો અર્થ શો થાય છે ?

(A) પ્રારબ્ધ
(B) પ્રાકૃત
(C) કિરપાણ
(D) પરમાત્મા

43. ઉત્તર ગુજરાતના ઈશાનિયા પ્રદેશના નવલકથાકાર કયા છે ?

(A) પન્નાલાલ પટેલ
(B) ઈશ્વર પેટલીકર
(C) ભગવતીકુમાર શર્મા
(D) જયંત ખત્રી

44. મકરંદ દવેનો બાળકાવ્ય સંગ્રહ કયો છે ?

(A) સૂરજમુખી
(B) ઝબૂક વીજળી ઝબૂક
(C) ગોરજ
(D) તાઈકો

45. 'આનંદનો ગરબો' કયા કવિએ રચ્યો છે ?

(A) દાસી જીવણ
(B) શામળ
(C) વલ્લભ મેવાડો
(D) પ્રેમસખી પ્રેમાનંદ

46. 'ફાર્બસ ગુજરાતી સભા'ની સ્થાપના કોના પ્રયાસથી થઈ હતી ?

(A) ક.મા. મુનશી
(B) રણજિતરામ વા. મહેતા
(C) નર્મદાશંકર લા. દવે
(D) મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી

47. ગુજરાત સાહિત્ય અકાદમીનું મુખપત્ર કયું છે ?

(A) શબ્દસૃષ્ટિ
(B) પરબ
(C) કુમાર
(D) બુદ્ધિપ્રકાશ

48. કયું સ્વરૂપ વસંતઋતુના પ્રકૃતિવર્ણન માટે જાણીતું છે ?

(A) પ્રબંધ
(B) ફાગુ
(C) પદ્યવાર્તા
(D) આખ્યાન

49. 'લોહીની સગાઈ' વાર્તામાં કયું પાત્ર નિરૂપાયું નથી ?

(A) મંગુ
(B) અમરતકાકી
(C) જમની
(D) કુસુમ

50. જૂની રંગભૂમિમાં 'સુંદરી'ના ચરિત્ર માટે કયા નટ પ્રસિદ્ધ છે ?

(A) મૂલચંદ નાયક
(B) શિવરામ નાયક
(C) કાળુભાઈ નાયક
(D) જયશંકર ભોજક

51. કઈ સૌરાષ્ટ્રી બોલીનો પ્રકાર નથી ?

(A) પટ્ટણી
(B) હાલારી
(C) ઝાલાવાડી
(D) ગોહિલવાડી

52. સુરતીબોલીનો શબ્દ કયો છે ?

(A) લેંબડો
(B) એખ્ખલો
(C) હેંડ
(D) કેદૂના

53. આપેલ તળપદા શબ્દ માટે કયો શિષ્ટશબ્દ સાચો નથી ?

(A) આપડે - આપણે
(B) વરહે - વરસે
(C) ડોબું - પાડું
(D) હેંડતો - ચાલતો

54. કયો શબ્દ 'અખિલ' નો સમાનાર્થી શબ્દ નથી ?

(A) નિખિલ
(B) સકલ
(C) સઘળું
(D) મયૂખ

55. 'ભમરો' શબ્દનો સમાનાર્થી કયો છે ?

(A) મિલિંદ
(B) વારિદ
(C) પ્રસૂન
(D) પન્નગ

56. વાક્યમાં કોઈ શબ્દ કે શબ્દોનો અર્થ સ્પષ્ટ કરવા કયું ચિહ્ન વપરાય છે ?

(A) ઉદ્‌ગાર ચિહ્ન
(B) ગુરુરેખા
(C) અવતરણચિહ્ન
(D) લોપચિહ્ન

57. વાક્યમાં જ્યાં થોડું અટકવાનું અનિવાર્ય હોય ત્યાં કયું ચિહ્ન વપરાય છે ?

(A) અર્ધવિરામ
(B) પૂર્ણવિરામ
(C) અલ્પવિરામ
(D) ગુરુવિરામ

58. જસજસયલગા - કયા છંદનું બંધારણ છે ?

(A) શિખરિણી
(B) મંદાક્રાન્તા
(C) હરિણી
(D) પૃથ્વી

59. "નહીં નાવ, નહીં નાથ, ન જાણો કે સ્હવાર છે;
આ બધું ઘોર અંધારું, હજી તો બહુવાર છે." – પંક્તિ કયા છંદની છે ?

(A) અનુષ્ટુપ
(B) મનહર
(C) સ્રગ્ધરા
(D) શાર્દૂલ વિક્રીડિત

60. કયો માત્રામેળ છંદ છે ?

(A) ઉપજાતિ
(B) સોરઠો
(C) શાલિની
(D) તોટક

61. અનિશ્ચિત માત્રામેળ છંદ કયો છે ?

(A) હરિગીત
(B) દોહરો
(C) સવૈયા
(D) ઝૂલણા

62. કયો સમાનાર્થી સાચો નથી ?

(A) ભૃંગ - ભમરો
(B) મયંક - ચંદ્ર
(C) છાક - નશો
(D) કોઠાર - કોઠાર

63. કયો સમાનાર્થી સાચો છે ?

(A) દૂઝે - ઝમે
(B) અહૂર - ઠપકો
(C) ગડાકુ - લડાયક
(D) બિરંજ - અનુજ્ઞા

64. 'વ્યષ્ટિ' શબ્દનો વિરુદ્ધાર્થી કયો છે ?

(A) પુષ્ટિ
(B) સમષ્ટિ
(C) તુષ્ટિ
(D) નિષ્ટિ

65. કયું વિરોધી જોડકું સાચું નથી ?

(A) દ્વૈત - અદ્વૈત
(B) શાશ્વત - નાશવંત
(C) વખાણ - ખુશામત
(D) રક્ષણ - ભક્ષણ

66. 'તુરિયાનો તાર જાગી ઊઠવો' રૂઢિપ્રયોગનો સાચો અર્થ કયો છે ?

(A) નિંદ્રાવસ્થામાંથી જાગી જવું.
(B) મહાનસિદ્ધિ પ્રાપ્ત થવી.
(C) નિર્મોહી થઈ ને જીવવું.
(D) સમજણ શક્તિનો ઉદય થવો.

67. 'નવે નેજા પડવાં' રૂઢિપ્રયોગનો સાચો અર્થ જણાવો.

(A) ખૂબ તકલીફ પડવી
(B) માલામાલ હોવું
(C) બાંધી મૂઠી લાખની હોવી
(D) ગુસ્સો ભરાઈ આવવો

68. 'નદી કાંઠાની રેતાળ જમીન' શબ્દસમૂહ માટે યોગ્ય શબ્દ કયો છે ?

(A) ગલેફ
(B) ભાઠું
(C) રસાતલ
(D) ખાંપણ

69. 'ઘોડેસવારને બેસવા માટે ઘોડાની પીઠ પર રાખવાનું રૂનું આસન' માટે યોગ્ય શબ્દસમૂહ કયો છે ?

(A) તંગ
(B) જોતર
(C) દળી
(D) પેંગડું

70. 'ખોલરું' તળપદા શબ્દનો અર્થ આપો.

(A) મડદું
(B) પોષ
(C) ઉજવો
(D) ઘર

71. 'તરફ' માટે તળપદો શબ્દ કયો છે ?

(A) ભણી
(B) મૌણું
(C) જડવું
(D) માંજર

72. 'અક્કર્મીનો પડિયો કાણો' કહેવતનો યોગ્ય અર્થ આપો.

(A) દુઃખમાં મદદ માગવી
(B) અભાગિયાને એક પછી એક મુશ્કેલી જ આવે
(C) બીજાના કારણે દુઃખ વહોરી લેવું
(D) ના કરવાનું કામ કરવું

73. 'ભીખ માંગવી ને ભરમ રાખવો ?' કહેવતની સમાનાર્થી કઈ કહેવત નથી ?

(A) છાશ લેવા જવું ને દોણી સંતાડવી ?

(B) હસવું ને લોટફાકવો એ બે બને ?

(C) પારકી આશ સદા નિરાશ.

(D) નાચવા જવું ને ઘૂંઘટો તાણવો ?

74. 'અનુશીલન' શબ્દનો કયો સમાનાર્થી નથી ?

(A) ચિંતન

(B) મનન

(C) અભ્યાસ

(D) શાસન

75. 'રક્ત' શબ્દ માટે સાચો સમાનાર્થી કયો છે ?

(A) શોણિત

(B) ઝડપ

(C) ચાપ

(D) ક્ષીર

76. 'પ્રેમની પ્રેમની પ્રેમની રે, મુને લાગી કટારી પ્રેમની રે.' પંક્તિ કયા અલંકારની છે ?

(A) ઉત્પ્રેક્ષા

(B) રૂપક

(C) વ્યતિરેક

(D) પ્રતીપ

77. 'લળી લળીને હેત કરતાં વાંસનાં ઝૂંડના ઝૂંડ' પંક્તિનો અલંકાર કયો છે ?

(A) શ્લેષ

(B) વ્યાજસ્તુતિ

(C) સજીવારોપણ

(D) દૃષ્ટાંત

78. કઈ પંક્તિ અતિશયોક્તિ અલંકારની છે ?

(A) ભમરા સમો આ ભમતો પવન

(B) અઢળક ઢળિયો રે શામળિયો

(C) ગાંધીજી હિંસા અને અસત્યના કટ્ટા વેરી હતા

(D) કાચે તે તાંતણે હરિજીએ બાંધી

79. "જાદવ સ્ત્રી તાળી દેઈ હસે, ધન્ય નગર આવો નર વસે ;
કીધાં હશે વ્રતતપ અપાર, તે સ્ત્રી પામી હશે આ ભરથાર." પંક્તિ કયા અલંકારની છે ?

(A) વ્યાજસ્તુતિ

(B) અર્થાન્તરન્યાસ

(C) વ્યતિરેક

(D) દૃષ્ટાંત

80. 'ભાઈ' માટે 'ભૈ' કઈ બોલીનો પ્રયોગ છે ?

(A) પટ્ટણી

(B) ચરોતરી

(C) સુરતી

(D) દેહવાલી

81. કયા શબ્દની જોડણી સાચી નથી ?

(A) ઉપગીતિ

(B) ઊડઝૂડ

(C) કંદુડિયો

(D) ચિકિત્સા

82. કયા શબ્દની જોડણી સાચી છે ?

(A) તુટ્યુંફુટ્યું

(B) થીગડુ

(C) દુર્વીનિયોગ

(D) દિવિજ

83. 'સર્વોત્તમ' ની સાચી ધ્વનિશ્રેણી કઈ છે

(A) સ્ + અ + ર્ + વ્ + ઓ + ત્ + ત્ + અ + મ્

(B) સ્ + અ + ર્ + વ્ + ઓ + ત્ + ત્ + અ + મ

(C) સ્ + અ + ર્ + વ્ + ઓ + ત્ + અ + મ્

(D) સ્ + અ + ર્ + વ્ + ઓ + ત + અ + મ

84. 'નક્ષત્ર'ની સાચી ધ્વનિશ્રેણી કઈ છે ?

(A) ન્ + અ + શ્ + ક્ + અ + ત્ + ર્ + અ

(B) ન્ + અ + ક્ + ષ્ + અ + ત્ + ર્ + અ

(C) ન્ + અ + ક્ + સ્ + અ + ર્ + ત્ + અ

(D) ન્ + અ + ક્ + શ્ + અ + ત્ + ર્ + અ

85. 'વિદ્યુલ્લેખા' શબ્દનો સાચો સંધિ વિગ્રહ કયો છે ?

(A) વિદ્યુલ + લેખા
(B) વિદ્યુત + લેખા
(C) વિદ્યુત + લેખા
(D) વિદ્યુલ + લેખા

86. નીચેના પૈકી સંધિનો કયો પ્રકાર નથી ?

(A) સ્વરસંધિ
(B) વિસર્ગસંધિ
(C) વ્યંજનસંધિ
(D) ગણસંધિ

87. સ્વરસંધિની દૃષ્ટિએ કયો વિકલ્પ સાચો નથી ?

(A) ઔ + અ = અવ
(B) ઓ + અ = અવ
(C) એ + અ = અય
(D) ઐ + અ = આય

88. 'વાક્ + દાન'ની સાચી સંધિ કઈ છે ?

(A) વાક્દાન
(B) વાગ્દાન
(C) વાકદાન
(D) વાગદાન

89. 'થોડુંઘણું' કયો સમાસ છે ?

(A) તત્પુરૂષ
(B) કર્મધારય
(C) દ્વન્દ્વ
(D) ઉપપદ

90. ઉપપદ સમાસ માટે સાચો શબ્દ કયો છે ?

(A) પીતામ્બર
(B) કર્માધીન
(C) વરમાળા
(D) વિનાશકર

91. 'કામ કરનારો માણસ છે.' વાક્યમાં કયું કૃદંત વપરાયું છે ?

(A) ભવિષ્યકૃદન્ત
(B) વિધ્યર્થકૃદન્ત
(C) વર્તમાનકૃદન્ત
(D) ભુતકૃદન્ત

92. સંબંધક ભુતકૃદંતનું સાચું ઉદાહરણ કયું છે ?

(A) આવ્યો
(B) જમીને
(C) બોલતાં
(D) ભણનાર

93. 'હું તો જઈશ.' વાક્યમાં કયો નિપાત છે ?

(A) વિનયવાચક
(B) સીમાવાચક
(C) ભારવાચક
(D) પ્રકીર્ણ

94. કયો સીમાવચક નિપાત નથી ?

(A) ફક્ત
(B) માત્ર
(C) કેવળ
(D) સુદ્ધાં

95. 'હિન્દુસ્તાની' શબ્દ કયા પ્રકારનું વિશેષણ છે ?

(A) નામિક
(B) સંખ્યાવાચક
(C) ક્રિયાવાચક
(D) સાર્વનામિક

96. કયો શબ્દ રવાનુકારી છે ?

(A) બંદૂકડી
(B) રણઝણતાં
(C) આંબાડાળ
(D) ચમચી

97. કયો શબ્દ રવાનુકારી નથી ?

(A) ઝળહળ
(B) ખળખળ
(C) ઝાંઝર
(D) ટપટપ

98. કયો શબ્દ પૂર્વપ્રત્યય વાચી છે ?

(A) મોટાઈ
(B) રતાશ
(C) જંગલી
(D) કમજોર

99. કયો શબ્દ પરપ્રત્યય વાચી છે ?

(A) ભલાઈ
(B) નિષ્ફળ
(C) નિર્જન
(D) અભિશા

100. નીચેનામાંથી કયો સંયુક્ત વ્યંજન છે ?

(A) જ
(B) ક્ષ
(C) ત
(D) ટ